# અપોલોસ, એક કુશળ વક્તા
## ફાધર વર્ગીસ પૉલ

અપોલોસ અંગે મારી ઓરડીમાં લખવા બેઠો છું ત્યારે એક લેખક મારા સ્મરણમાં ઝબકે છે. એમનું નામ તો યાદ નથી, પણ એની કાંઈ જરૂર નથી. એ લેખકે દૂરના એક શહેરમાં એક સેમિનારમાં એક વક્તવ્ય આપવાની જવાબદારી સ્વીકારી હતી. એ વક્તવ્યની બરાબર પછી જ લેખકે પોતાના એક પુસ્તકની હસ્તપ્રત તેના પ્રકાશકને પહોંચાડવાનું નક્કી થયેલું હતું.

વક્તવ્યની તારીખ જેમ-જેમ નજીક આવતી ગઈ તેમ-તેમ લેખકને લાગ્યું કે નિશ્ચિત તારીખ સુધીમાં પોતે વક્તવ્યની તૈયારી સાથે પોતાની હસ્તપ્રત પણ તૈયાર કરીને પ્રકાશકને પહોંચાડી શકે તેમ નથી.

એટલે લેખકે સેમિનારના કાર્યવાહક મંત્રીને ફોન જોડયો: "સાહેબ, સેમિનારમાં વક્તવ્ય
આપવાની મારી પ્રતિબદ્ધતાનું હું સન્માન કરું છું, પણ સેમિનારના અંતમાં જ મારે પહોંચાડવાની હસ્તપ્રતને આખરી ઓપ આપવામાં હું અત્યંત વ્યસ્ત છું. એટલે જો શક્ય હોય તો સેમિનારનું વક્તવ્ય અન્ય કોઈને સોંપો અને મને વક્તવ્યમાંથી મુક્ત કરો, એવી વિનંતી."

મારી વાત સાંભળ્યાના થોડા સમય પછી સેમિનારના કાર્યવાહક મંત્રીએ કહ્યું,

"તમે કહો છો તેમ, તમે વક્તવ્ય અને હસ્તપ્રત બંનેને એકસાથે ન્યાય આપી શકો તેમ નથી, તો સેમિનારમાં વક્તવ્ય આપવાની જવાબદારીમાંથી અમે તમને મુક્ત કરીએ છીએ. ભલે, અમને અપોલોસ નહીં તો પાઉલ મળી રહેશે!"

આ સાંભળીને લેખકે કહ્યું, "સાહેબ, મહાન શુભસંદેશકાર સંત પાઉલનો સંદર્ભ તો હું સમજ્યો; પણ અપોલોસનો આપનો સંદર્ભ મને મૂંઝવે છે. સમજાવશો?"

"જુઓ, પાઉલ અને અપોલોસ એ બંને આદિ ધર્મસભાના મહાન પ્રચારકો હતા. પણ અપોલોસ મહાન વક્તા અને પોતાના શ્રોતાઓના દિલ જીતી લે એવો અસરકારક પ્રચારક હતો. અપોલોસ તો પોતાની પાછળ કોઈ વારસો મૂકીને ગયો નથી. પણ પાઉલ કદાચ ઓછી વક્તવ્યશૈલીથી પ્રચાર કરી ગયો પણ વિવિધ ધર્મસંઘોને ઉદ્દેશીને લખાયેલા પત્રોનો વારસો મૂકી ગયો, અને તે 'નવો કરાર'નો અમૂલ્ય ભાગ બન્યો. એટલે જ મેં કહ્યું કે અપોલોસ નહીં તો પાઉલ મળી રહેશે."

તે લેખક અને પેલા સેમિનારના કાર્યવાહક મંત્રી વચ્ચેનો વાર્તાલાપ અહીં તો મૈં જાતે આલેખ્યો છે, પણ મૂળભૂત વાર્તાલાપમાં અપોલોસના એક વક્તા તરીકેના વ્યક્તિચિત્રની મારા પર ઊંડી છાપ પડી અને તેથી મૈં અપોલોસ વિશે આ લેખ લખવાનું નક્કી કર્યું.

'પ્રેષિતોનાં ચરિતો'માં અધ્યાય ૧૮માં આપણે સૌપ્રથમ વાર અપોલોસને મળીએ છીએ. તેમાં કહેવાયું છે, "હવે, એવું બન્યું કે, આલેક્સાંદ્રિયાનો વતની અપોલોસ નામે એક યહૂદી એફેસેસ આવ્યો. તે પ્રભાવશાળી વક્તા અને શાસ્ત્રનો સારો અભ્યાસી હતો." (પ્રેષિતોનાં ચરિતો ૧૮, ૨૪)

પ્રેષિતોનાં ચરિતોના લેખક લૂક પોતાની સાહિત્યિક શૈલીમાં અપોલોસની ઓળખ આપણને ઘણું બધું એક જ વાક્યમાં જ આપી જાય છે. તે એલેકઝાન્ડ્રિયાનો યહૂદી હતો. તે એક સમર્થ વક્તા હતો અને તેને યહૂદી ધર્મશાસ્ત્ર 'જૂનો કરાર'નું ઊંડું જ્ઞાન હતું.

અપોલોસ તથા તેના સહયોગીઓએ માત્ર યોહાન બાપ્તિસ્મા પાસેથી જ સ્નાનસંસ્કાર મેળવ્યા હતા અને ઈસુ વિશે યહૂદી ધર્મગંથ 'જા ૂનો કરાર'માં જે કહેવાયું હતું એનો તેઓ પ્રચાર કરતા હતા.

તેઓ એક ખૂબ સારા કેળવણીકાર હતા અને એમની વકતૃત્વકલા એમની વિશિષ્ટ શક્તિ હતી. પ્રિસ્કિલ્લા અને અક્વિલાએ જ્યારે તેમને સાંભળ્યા ત્યારે તેનાથી પ્રભાવિત થયાં. એટલે તેઓ બંને અપોલોસને પોતાને ઘેર લઈ ગયાં અને ઈસુ વિશે વધારે સારી રીતે સમજાવ્યું.

પ્રેષિતોનાં ચરિતો કહે છે કે, "તેને પ્રભુના માર્ગનું શિક્ષણ મળેલું હતું અને હૈયાની ધગશવાળો હોઈને તે ઈસુને લગતી બાબતો વિશે ચોક્કસાઈથી બોલતો અને ઉપદેશ આપતો હતો; જોકે તેને કેવળ યોહાનના સ્નાનસંસ્કારની જ માહિતી હતી. એ જ માણસે હિંમતભેર સભાગૃહમાં બોલવા માંડ્યું અને પ્રિસ્કિલ્લાએ અને અક્વિલાએ તેને સાંભળ્યો એટલે તેઓએ તેને ઈશ્વરનો માર્ગ વધારે ચોક્સાઈપૂર્વક સમજાવ્યો." (પ્રેષિતોનાં ચરિતો ૧૮, ૨૫-૨૬)

ઈસુ અંગેનું અપોલોસનું જ્ઞાન યહૂદી ધર્મશાસ્ત્ર પૂરતું સીમિત હતું. એ એટલું જાણતો હતો કે ખ્રિસ્ત આવી રહ્યા છે. પ્રિસ્કિલ્લા અને એક્વિલા એના ઘર્મશાસ્ત્રના જ્ઞાનની શક્તિ અને વાક્ચાતુર્ય ઉપરાંત ઈસુ અંગેના તેના મર્યાદિત જ્ઞાન અંગે સમજી ગઈ. એટલે તેઓ ખુદ પાઉલ પાસેથી ઈસુનું જે સત્ય અને એમનો સંદેશ સમજી શક્યાં હતાં તે તેમણે અપોલોસને શિખવાડયું. અપોલોસે ઈસુ વિશેની સાચી હકીકતો જાણી અને

ઉત્સાહપૂર્વક તેનો પ્રચાર કરવા લાગ્યો. તે ખ્રિસ્તી શ્રદ્ધાનો એક મહાન અને નીડર પ્રચારક, ખાસ કરીને તેના અન્ય યહૂદીઓની મધ્યે બની રહ્યો.

પ્રેષિતોનાં ચરિતો કહે છે, "કારણ, ઈસુ એ જ ખ્રિસ્ત છે એવું શાસ્ત્રમાંથી બતાવી આપીને તે જાહેરમાં યહૂદીઓનું જોરશોરથી ખંડન કરતો હતો." (પ્રેષિતોનાં ચરિતો, ૧૮, ૨૮)

એફેસેસ ખાતે અપોલોસ શિષ્યોની માત્ર પ્રશંસા જ નહોતો પામ્યો, બલકે તેમનાં દિલ પણ તે જીત્યો. એટલે જ્યારે તેણે એફેસેસ છોડીને અખાયા જવાનું નક્કી કર્યું ત્યારે લોકોએ અખાયાના ધર્મસંઘને તેનું સ્વાગત કરવા પત્ર લખી જણાવ્યું. જ્યારે તે અખાયા પહોંચ્યો ત્યારે "ઈશ્વરની કૃપાથી જેમને ઈસુ ઉપર શ્રદ્ધા બેઠી હતી તેમને તે ઘણો મદદરૂપ થઈ પડયો." (પ્રેષિતોનાં ચરિતો ૧૮, ૨૭)

અખાયા પ્રાંતના પાટનગર કરિંથ ખાતે અનેક કરિંથીઓ પર અપોલોસના પ્રચારકાર્યની ઊંડી અસર પડી. કરિંથીઓને પાઠવેલા પાઉલના પત્રથી આપણને જાણવાનું મળે છે કે ખ્રિસ્તી ધર્મસંઘમાં ફાંટા હતા. પાઉલે કરિંથમાં પ્રચાર કરીને અનેક શિષ્યોને ખ્રિસ્ત તરફ વાળ્યા હતા. એટલે અનેક કરિંથી ખ્રિસ્તીઓ પાઉલને વફાદાર રહેતા. અપોલોસની વકતૃત્વશક્તિ અને શાસ્ત્રજ્ઞાનથી આકર્ષાઇને પાઉલના હરીફ તરીકે ઘણા ખ્રિસ્તીઓ તેને અનુસરવા લાગ્યા. હજી એવા પણ કેટલાક હતા જે પોતાને પ્રેષિત પીતરના અનુયાયી ગણાવતા.

બરાબર એ જ રીતે પાઉલને પણ કરિંથી ખ્રિસ્તીઓ મધ્યેના ફાંટાની સમસ્યા નડે છે. તે લખે છે: "કારણ, મારા ભાઈઓ, મને ખ્લોએના ઘરના માણસો પાસેથી જાણવા મળ્યું છે કે તમારામાં ઝઘડા ચાલે છે. મારું કહેવું એ છે કે તમારામાંનો દરેક જણ જુદું જુદું કહે છે: કોઈ કહે છે, 'હું પાઉલનો માણસ છું,' કોઈ કહે છે, 'હું અપોલોસનો માણસ છું,' કોઈ કહે છે, 'હું ખ્રિસ્તનો માણસ છું.' તો ખ્રિસ્તના ભાગલા પડી ગયા છે કે શું? શું પાઉલ તમારે ખાતર વધસ્તંભે જડાયો હતો? અથવા તમને પાઉલને નામે સ્નાનસંસ્કાર આપવામાં આવ્યો હતો?" (૧ કરિંથ ૧, ૧૧-૧૩)

અહીં અપોલોસનો ઉલ્લેખ દર્શાવે છે કે આદિ ખ્રિસ્તી ધર્મસંઘ ઉપર તેનો નોંધપાત્ર પ્રભાવ હતો.

પાઉલે કરિંથીઓને તથા તિતસને લખેલા પત્રો પરથી આપણને જાણવા મળે છે કે અપોલોસ પાઉલનો વિશ્વાસુ સાથીદાર બન્યો અને આદિ ખ્રિસ્તી ધર્મસંઘને પ્રચારમાં તથા વ્યવસ્થાપનમાં તેણે પાઉલની સાથે રહીને પ્રેષિત કાર્ય કર્યું હતું.

હુબર્ટ લોક્યિરના 'ઓલ ધી મેન ઑઆફ ધી બાઇબલ' અનુસાર, "માર્ટિન લ્યુથરે એવું અનુમાન કરવાનું જોખમી પગલું લીધું કે અપોલોસ ખરેખર હિબૂઓને પત્રનો લેખક હતો."

રોનાલ્ડ બાઉનરિગ જેવા બાઇબલના પંડિતોનું માનવું છે કે અપોલોસ કરિંથનો પ્રથમ બિશપ હતો. બાઉનરિગ 'હુઝ હુ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ'માં લખે છે, "પોતાના લાંબા પ્રચાર-મિશન દરમ્યાન એફેસસમાં અપોલોસે પાઉલ સાથે કામ કર્યું. પછી તે ત્યાંથી પાછો ફરીને કરિંથી ધર્મસંઘનું સુકાન સંભાળવા અને ત્યાંનો પ્રથમ બિશપ બનવા કરિંથ પાછો ફ્યોર્